# ભારતમાં લિપિનો ઉદ્‌ભવ અને વિકાસ

**જયદીપ દેસાઈ**
ઈતિહાસ વિભાગ,
શ્રી જે. એમ. પટેલ આર્ટસ કોલેજ,
આણંદ.

## ૧. પ્રસ્તાવના

કોઈપણ ભાષાના વર્ણો લખવાની રીત એટલે લિપિ. માનવે લેખનકલાની શોધ કરી ત્યારથી એને વ્યવહારનું એક મહત્ત્વનું સાધન પ્રાપ્ત થયું. લિપિનાં આવિષ્કારથી માનવ પ્રત્યક્ષ ઉપરાંત પરોક્ષ વ્યવહારમાં તેમજ સ્થળ અને સમયમાં પોતાની વાતોને અન્ય માનવો પાસે વ્યકત કરતો થયો. માનવીએ પોતાના મનનાં વિચારો વ્યકત કરવા લિપિ શોધી એ પહેલાં તે ઈશારા કે અણસાર માટે હાથ, માથું વગેરેના હલનચલનનો ઉપયોગ કરતો હતો. પરંતુ આ બધા કરતાં લિપિ દ્વારા થતી અભિવ્યકિત વધુ અસરકારક અને ટકાઉ હોય છે. લિપિમાં લખાયેલું લખાણ વર્ષો પછી વાંચી શકાય છે અને તે દ્વારા તત્કાલીન ઈતિહાસ સંસ્કૃતિનો ખ્યાલ આવે છે.

## ૨. લિપિનો ઉદ્‌ભવ

લગભગ ઈ.સ.પૂ. ૩૫૦૦ પછી લેખન પધ્ધતિનો ઉદય થયાનો પુરાવા ઉપલબ્ધ થાય છે.(૧) આદિ માનવને જયારે સ્મૃતિપર આધાર રાખવાનું મુશ્કેલ જણાયું ત્યારે તેણે કાપા પાડેલી નિશાનીઓવાળી લાકડીઓ કે ગાંઠો મારેલી દોરીઓ જેવા સાધનોના ઉપયોગથી માહિતીની આપ–લે કરવામાં આવતી. આદિ માનવ ફૂરસદના સમયમાં આસપાસનાં પ્રકૃતિનાં દશ્યોનું આલેખન કરતો હશે એમ આપણે મધ્ય યુરોપની ગુફાઓમાં મળી આવેલા પ્રાકૃતિનક ચિત્રો પરથી કહી શકાય.

સમય જતાં પ્રાકૃતિક ચિત્રો જયારે ચિત્રો મટીને જે – તે વસ્તુનાં સંકેતરૂપ ગણાવા લાગ્યા ત્યારે લેખનનાં વિકાસમાં એક મહત્વનું સોપાન સિધ્ધ થયું અને એક પ્રકારની સંકેત ભાષાનો ઉદ્‌ભવ થયો. લેખનકળાનાં વિકાસમાં ત્રણ સોપાનો જોવા મળે છે. જેમાં,

## ૩. ચિત્રાંકન કે ચિત્રલેખન લિપિ

જેમાં પ્રાકૃતિક દશ્યોને ચિત્રો દ્વારા રજૂ કરીને પોતાના વિચાર, સંદેશ કે કથા પ્રગટ કરવામાં આવતી. આ લિપિનો ઉપયોગ આદિ યુગમાં થતો હશે એમ પુરાવા પરથી કહી શકાય.

## ૪. વિચાર કે સંકેત શબ્દ લિપિ

જેમાં મૂળ ચિત્રોમાંથી વિકાસ પામેલા સંકેતો વડે વિચાર વ્યકત થાય છે. અતિ પ્રાચીન સભ્યતાઓમાં આ પ્રકારની લિપિ જોવા મળે છે.

## ૫. ધ્વન્યાત્મક લિપિ

જેમાં ભિન્ન–ભિન્ન મૂળાક્ષરો વડે જુદા–જુદા ધ્વનિઓ દર્શાવાય છે. દરેક મૂળાક્ષર એક–એક ધ્વનિનું ચિહ્ન હોય છે. આ લેખન પધ્ધતિ સૌથી વિકસિત પધ્ધતિ છે. આજે સભ્ય જગતમાં આ લિપિનો ઉપયોગ લગભગ સાર્વત્રિક છે.(૨)

આવા ચિત્રાલેખનમાંથી કાળક્રમે વિકાસ પામતાં લેખનકળાનો ઉદય થયો હશે એમ માની શકાય.

**૬. ભારતીય લિપિનો ઉદ્ભવ અને વિકાસ**

વિશ્વની અન્ય લિપિઓની જેમ ભારતીય લિપિની ઉત્પત્તિ ઘણી જૂની છે. લિપિ શબ્દ સંસ્કૃત લિપ્ એટલે એ ધાતુ પરથી આવ્યો છે. પ્રાચીન સમયમાં આર્યો એવુ માનતા હતા કે લખવાની કળા બ્રહ્મદેવે શરૂ કરી હતી. (૩) પાણિનિની અષ્ટાધ્યાયીમાં લિપિ, લિબિ, લિપિકાર જેવા શબ્દો જોવામાં આવે છે. પ્રાચીનકાળમાં બે મૂળ લિપિ બ્રાહ્મી અને ખરોષ્ઠી પ્રચલિત બની હતી. આજે આપણે જે લિપિઓ જોઈએ તે આ બે પ્રાચીન લિપિમાંથી ઉતરી આવી છે.

***૬.૧ હડપ્પીય લિપિ***

ભારતમાં સૌપ્રથમ જે લેખનમાં ઉદાહરણો મળે છે તે મોહેં–જો–દડો અને હડપ્પા પુરાતન અવશેષો રૂપે પ્રાપ્ત થયેલ માટીની પકવેલી લખાણયુકત મુદ્રાઓ અને મુદ્રાંકો છે. પ્રાપ્ત થયેલા અવશેષો પરથી કહી શકાય કે હડપ્પીય સભ્યાતાની લિપિ પદાર્થ–આકૃતિ–મૂલક અને સરળ રેખાંકિત હતી. કેટલાંક વિધ્ધાનોએ આ લખાણોની ભાષા વૈદિક સંસ્કૃતિ જેવી હોવાનું અનુમાન કર્યુ છે. લેખનકળાની દ્દષ્ટિએ આ લિપિના અક્ષર મોર્યકાલીન બ્રાહ્મી લિપિના અક્ષરોની જેમ સીધા સ્પષ્ટ અને સુંદર મરોડના હોવાથી આ લિપિને બ્રાહ્મીની જનેતા માનવામાં આવે છે.(૪)

***૬.૨ ખરોષ્ઠી લિપિ***

'ખરોષ્ઠી' શબ્દની ઉત્પત્તિ અંગે એક તર્ક એવો છે કે 'ખર' એટલે ગર્દભ અને 'પોસ્ત' (ઈરાની શબ્દ) એટલે ચામડું આના પરથી ખરોષ્ઠ શબ્દ નીકળ્યો હોવાનું અનુમાન છે. ખરોષ્ઠીનો અર્થ ગર્દભના ચામડા પરનું લખાણ એવો કરવામાં આવે ખરોષ્ઠી લિપિ જમણીથી ડાબી બાજુ લખાતી હોવાના ઉલ્લેખ મળે છે. આ લિપિનો પ્રયોગ ભારતમાં મર્યાદિત વિસ્તારમાં અને મર્યાદિત કાળમાં થયો હોવાના પ્રમાણે છે. આ લિપિનો પ્રાચીન ભારતના પ્રાપ્ત થયેલા અવશેષોમાં જોઈ શકાય છે તથા ત્રી સદી સુધી પંજાબના પ્રદેશમાં ચાલુ રહી હતી અને ત્યારબાદ ભારતમાંથી લુપ્ત થઈ હશે.

***૬.3 બ્રાહ્મી લિપિ***

બ્રાહ્મી લિપિએ સમસ્ત ભારતવર્ષની પ્રાચીન લિપિ છે. ચીની બૌધ્ધ વિશ્વકોશમાં જણાવ્યા અનુસાર બ્રાહ્મી લિપિ બ્રહ્માએ ઉત્પન્ન કરેલી જૈન અનુશ્રુતિ મુજબ ઋષભદેવે એની ઉત્પત્તિ કરીને તેમણે આ લિપિ પોતાની બ્રાહ્મી નામે પુત્રીને શીખવી, એથી એ બ્રાહ્મી નામે ઓળખાય. ડાં. આલ્ફ્રેડ મૂલરે અનુમાન કર્યુ છે કે સિકંદરના આક્રમણ સમયે ભારતના લોકોએ ગ્રીક લોકો પાસેથી લિપિજ્ઞાન મેળવ્યું હશે. બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ અંગે વિધવાનોમાં અલગ–અલગ મત જોવા મળે છે.(૬)

આ લિપિ સિન્ધુ પ્રદેશમાં અને એની આસપાસના વિસ્તારોમાં ઈ.સ.પૂ. ૨૫૦૦ થી ઈ.સ.પૂ. ૧૫૦૦ સુધી પ્રચલિત રહી હતી. બ્રાહ્મી લિપિના લેખો સામાન્ય રીતે ઈ.સ.પૂ. ચોથા અને ત્રીજા શતકથી મળે છે. મોર્ય સમ્રાટ અશોકના શિલાલેખો બ્રાહ્મી લિપિમાં જોવા મળે છે. ઈ.સ.પૂ. પાંચમી સદી પહેલા બ્રાહ્મીમાં લખાયેલ કોઈ લેખના પુરાવા પ્રાપ્ત થતા નથી.(૭)

***૬.૪ નાગરી લિપિ***

ભારતની વર્તમાન લિપિઓમાં નાગરી લિપિ સહુથી વધુ પ્રદેશોમાં પ્રચલિત છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં તથા દખ્ખણમાં 'નાગરી' એ 'દેવનાગરી' નું ટૂંકુ રૂપ છે. આ લિપિનો પ્રયોગ દખ્ખણમાં આઠમી સદીથી જોવા મળે છે. ઉત્તર

ભારતમાં કનોજના પ્રતિહારો, મેવાડના ગોહિલો રાજસ્થાનના ચાહમાનો, ગુજરાતના ચૌલુક્યો, આબુ માળવાના પરમારો, મધ્યપ્રદેશના કલચુરીઓ જેવા અનેક રાજવંશોના શિલાલેખો તથા તામ્રપત્રોમાં નાગરી લિપિનો પ્રયોગ થયેલો જોઈશકાય છે.(૮)

### ૬.૫ જૈન નાગરી લિપિ

ઈ.સ. ની પંદરમી થી અઢારમી સદી દરમિયાન જૈનોના આશ્રયે લખાતા ગ્રંથોમાં લહિયાઓએ સુલેખનને એક વિશિષ્ટ પરિપાટી વિકસાવી જેને 'જૈન નાગરી લિપિ' તરીકે ઓળખવામાં આવે છે.(૯) લેખનકળામાં તેમને અનુકૂળ લિપિના ફેરફાર, સુધારા–વધારા અને સંકેતોનું નિર્માણ કર્યું હતું. આ લિપિ હસ્તલિખિત પ્રતોમાં પ્રચલિત થયેલી જોવા મળે છે.

### ૬.૬ ગુજરાતી લિપિ

ગુજરાતમાં પ્રાદેશિક લિપિનું વિશિષ્ટ સ્વરૂપ ઘડાયું જે ગુજરાતી લિપિ તરીકે ઓળખાય છે. એના મરોડનો આરંભ ઈ.સ. ની પંદરમી સદીથી જોવા મળે છે. ગુજરાતી પ્રજાનો મોટો વર્ગ વેપાર ધંધામાં પડેલો હોવાથી રોજિંદા હિસાબ–કિતાબ લખવા માટે શિરોરે ખાવાળા અક્ષરોને બદલે સળંગ શિરોરેખા તરીકે એક આખી લીટી દોરી એની નીચે શિરોરેખા વિના અક્ષરો લખવાની પધ્ધતિ પ્રચલિત થઈ હતી. આરંભમાં ગુજરાતી લિપિ વેપારીઓના હિસાબ–કિતાબમાં વપરાતી હોવાથી એ 'વાણિયાશાઈ લિપિ' કે 'મહાજની લિપિ' તરીકે ઓળખાતી.(૧૦)

### ૬.૭ મોડી લિપિ

મરાઠી ભાષાની લિપિ નાગરી છે. પરંતુ નાગરી લિપિના અક્ષર ઝડપથી લખાય એ હેતુથી એમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા એમા નાની–નાની શિરોરેખાને બદલે લાંબી લીટી દોરવામાં આવતીને એક અથવા વધુ શબ્દ કે આખી લીટી સળંગ કલમે લખવામાં આવતી એ લિપિને મોડી લિપિ કહે છે.

મોડી લિપિનું નિર્માણ યાદવ રાજાઓના મંત્રી હેમાદ્રિ પંતે કર્યું હતું. પત્રવ્યવહાર અને હિસાબોમાં આ લિપિ લાંબો સમય પ્રચલિત રહી હતી. મરાઠી ઈતિહાસ વિષયક પુરાણા દસ્તાવેજોનાં અધ્યયન માટે આ લિપિનું ઘણું મહત્વ રહેલું છે.(૧૧)

### ૬.૮ શારદા લિપિ

'શારદા દેશ', 'શારદા મંડલ' તરીકે ઓળખાતા કાશ્મીર પ્રદેશની આ લિપિ છે. શારદા લિપિ પંજાબના ઘણા ભાગોમાં અને કાશ્મીર પ્રદેશમાં પ્રાચીન શિલાલેખો, દાનપત્રો, સિકકાઓ તથા હસ્તલિખિત ગ્રંથોમાં પ્રયોજાયેલી જોવા મળે છે.

### ૬.૯ ટાકરી લિપિ

ટાકરી લિપિ જમ્મુ અને ઉત્તર પંજાબમાં પ્રચલિત છે. ટાકરી નામ 'ઠકકુરી' – ઠાકુરી ઉપરથી આવ્યું હોવાનું જણાય છે. રાજપૂત ઠાકુરોની લિપિ અથવા ટાંક (લવાણા) જાતિના વેપારીઓની લિપિને ટાકરી લિપિ કહે છે. જમ્મુ પ્રદેશમાં એનું સ્વરૂપ 'ડોગરી' અને ચંબામાં 'ચમિયાલી' પ્રચલિત હતું.(૧૨) આ લિપિએ શારદા લિપિનું વળાંકદાર સ્વરૂપ છે.

### ૬.૧૦ ગુરૂમુખી લિપિ

પંજાબના વેપારી વર્ગોમાં 'લંડા' નામે મહાજની લિપિ પ્રચલિત હતી. જેમાં સ્વરમાત્રાઓ લગાવવામાં આવતી નહિ. શીખ ધર્મના ગ્રંથોએ લિપિમાં લખાવવાના શરૂ થયા ત્યારે એ શુધ્ધ રીતે વાંચી શકતા નહિ. આથી ગુરુ ગોંવિદસિંહે

(ઈ.સ. સોળમી સદી) ધર્મગ્રંથો લખવા માટે 'લંડા' લિપિમાંથી સ્વરમાત્રાઓવાળી શુધ્ધ લિપિ વિકસાવી જેને ગુરૂમુખી લિપિ કહે છે.(૧૩) આજે પણ શીખોના ધર્મગ્રંથ ગુરૂમુખી લિપિમાં લખાય છે એની ભાષા પંજાબી હોય છે.

### ૬.૧૧ બંગાળી લિપિ

બંગાળી લિપિ ભારતના પૂર્વ ભાગ મગધ તરફની નાગરી લિપિમાંથી નિકળી છે અને બંગાળા, આસામ, બિહાર, નેપાળ અને ઓરિસ્સાના પ્રાચીન અભિલેખોમાં તેમજ હસ્તલિખિત ગ્રંથોમાં પ્રયોજાયેલી છે. બારમી સદીથી એનું સ્વતંત્ર અસ્તિત્વ જોવા મળે છે અને આધુનિક યુગમાં બંગાળી સાહિત્ય ખૂબ અદ્ભૂત રચનાઓ થઈ છે.

### ૬.૧૨ મૈથિલી લિપિ

મૈથિલી લિપિએ બંગાળી લિપિનું રૂપાંતર છે. મિથિલ પ્રદેશના બ્રાહ્મણો સંસ્કૃત ગ્રંથ લખવા માટે આ લિપિનો પ્રયોગ કરતા હશે તેમ પુરાવાઓ પરથી કહી શકાય.

### ૬.૧૩ ઊડિયા લિપિ

ઓસ્સિા પ્રદેશની લિપિને ઊડિયા લિપિ કહે છે. આ લિપિ પ્રાચીન બંગાળી લિપિમાંથી નીકળી છે. પરંતુ સળંગ કલમે લખાય તેવા મરોડ અને ગોળાઈદાર શિરોરેખાને લીધે આ લિપિના અક્ષર વિલક્ષણ લાગે છે.

### ૬.૧૪ તેલુગુ લિપિ

તેલુગુ લિપિ આંધ્રપ્રદેશ અને એની આસપાસના ભાગમાં પ્રચલિત છે. તેલુગુ લિપિના અક્ષર ગોળ આકાર ધરાવે છે. એમાં શિરોરેખા હોતી નથી. તેલંગ (તેલંગણ) પરથી 'તેલુગુ' નામ પડયું છે. પલ્લવ, કદંબ, પશ્વિમી અને પૂર્વી ચાલુકય, રાષ્ટ્રકૂટ જેવા અનેક રાજવંશોના શિલાલેખો, દાનપત્રોમાં આ લિપિનો પ્રયોગ થયેલો જોઈ શકાય છે.(૧૪) ઈ.સ. ની અગિયારમી સદીથી આ લિપિના ઘણા અક્ષરો પ્રાપ્ત થાય છે.

### ૬.૧૫ કન્નડ લિપિ

કન્નડ લિપિએ કર્ણાટક પ્રદેશની લિપિ છે. હાલ આ લિપિ મૈસુર અને એની આસપાસના વિસ્તારમાં પ્રચલિત છે. કન્નડ ભાષાનો અને લિપિનો સહુથી જૂનો શિલાલેખ બાદામીની વૈષ્ણવ ગુફાની બહાર ચાલુકય રાજા મંગલેશ (ઈ.સ. ૫૯૮ થી ૬૧૦) નો મળે છે.(૧૫)

### ૬.૧૬ તમિળ લિપિ

તામિલનાડુના પ્રદેશમાં પ્રયોજાતી લિપિને તમિળ લિપિ કહે છે. તમિળ એટલે દ્રમિલ–દ્રવિડ. વર્તમાન તમિળ લિપિ પલ્લવ ગ્રંથ લિપિમાંથી વિકસિત થઈ. આથી આરંભિક તમિળ લિપિને પલ્લવ – તમિળ કે ગ્રંથ તમિળ લિપિ કહે છે.

### ૬.૧૭ મલયાલમ લિપિ

કેરળ પ્રદેશમાં મલયાલમ લિપિ પ્રચલિત છે. આ લિપિ ગ્રંથ–લિપિનું વળાંકદાર રૂપાંતર છે. મલયાલમ લિપિમાં સંસ્કૃત ગ્રંથો પણ લખાય છે. દક્ષિણ કન્નડ પ્રદેશમાં સંસ્કૃત ગ્રંથો લખવા માટે પ્રયોજાતી તુળુ લિપિ મલયાલમ લિપિનુ થોડા ફેરફારવાળું રૂપ છે.(૧૬)

### ૬.૧૮ ઉર્દુ લિપિ

ભારતમાં ઈ.સ. ની બારમી – તેરમી સદીના મુસ્લિમ અભિલેખો અરબીમાં લખાતા હતા. સોળમી સદીમાં મુઘલ સામ્રાજય સ્થપાતાં ફારસી રાજયની સત્તાવાર ભાષા બની હને અરબી ભાષા લુપ્ત થઈ જવા પામી. સમય જતાં

ફારસીનું મહત્વ ઘટતાં ઉર્દૂ ભાષા અને લિપિનો પ્રચાર થયો. ફારસીનું મહત્વ ઘટતા ઉર્દૂ ભાષા અને લિપિનો પ્રચાર થયો. ફારસી લિપિમાં સુધારા કરીને ઉર્દૂ લિપિ ઉત્પન્ન કરવામાં આવી.(૧૭) ઉર્દુ લિપિ પણ અરબી – ફારસીની જેમ જમણેથી ડાબી બાજુ લખાય છે. ઉર્દૂમાં લખાયેલો સૌથી જૂનો અભિલેખ દિલ્હીમાં હજરત નિઝામુદ્દીન ઓલિયાના સ્થાનકમાં ઈ.સ. ૧૭૫૫માં મળ્યો છે.

**૭. સમાપન**

માનવીની ઉત્પત્તિથી લઈને આજદિન સુધી માનવે ઘણી વિકાસની ઉડાન ભરી છે. લેખનકળાની શોધ પહેલાં માનવે પોતાની વાતોને સંજ્ઞા અથવા ઈશારાથી કરતો. પરંતુ સમય જતાં તેમા ઘણા પરિવર્તનો આવ્યાને, આજે માનવ કોમ્પ્યુટર અને મોબાઈલ, ઈન્ટરનેટના યુગમાં પહોંચી ગયો. માનવીએ તેની જરૂરિયાત પ્રમાણે દરેક ક્ષેત્રમાં વિકાસ સાધ્યો. વિશ્વની લિપિઓના વિકાસની જેમા ભારતીય લિપિઓનો વિકાસ થતો રહયો. તેમાં પારંભિક લિપિથી શરૂ કરીને અત્યારે સુધીની લિપિમાં ઘણા ફેરફારો થયા છે. અને તેમાં જે તે પ્રદેશની પ્રાદેશિક લિપિઓને પ્રોત્સાહન મળ્યુ અને તેનો વિકાસ થયો. આજે આપણે જોઈશકીએ છીએ કે ભારતમાં જે તે ભાષા અને લિપિની ઘણી વિવિધતા જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**

૧. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૮, ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. નં. ૬૬૩.
૨. એજન, પૃ. ૬૬૩.
૩. ભગવદ્દોમંડલ, કર્તા ભગવતસિંહ (મહારાજા ગોંડલ), ગોંડલ, પૃ.નં. ૭૭૯૬.
૪. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૮, પૂર્વાકત પૃ. ૬૬૪.
૫. એજન, પૃ. ૬૬૪.
૬. પ્રસન્નિકા જ્ઞાનકોશ, ભાગ નં. ૦૮, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૭.
૭. ભગવદ્દોમંડલ, પૂર્વાક્ત – ૭૭૯૬.
૮. એજન, પૃ.૭૭૯૬.
૯. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૮, પૂર્વોકત, પૃઉ૬૭૨..
૧૦. ભગવદ્દોમંડલ, પૂર્વોકત – ૭૭૯૬.
૧૧. ગુજરાતી વિશ્વકોશ, ખંડ– ૧૮, પૂર્વોકત, પૃ.૬૭૭.
૧૨. એજન પૃ.૬૭૮.
૧૩. એજન પૃ. ૬૮૧.
૧૪. પ્રસન્નિકા જ્ઞાનકોશ, ભાગ નં. ૦૮, પૂર્વોકત પૃ.૨૯.
૧૫. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૮, પૂર્વોકત, પૃ. ૬૮૨.
૧૬. એજન પૃ. ૬૮૬.
૧૭. એજન પૃ. ૬૮૬.